**ભક્તિનો મહાસાગર ઉમટ્યો** | પહિંદ વિધિ બાદ મંત્રી, મહંત અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રસ્થાન

# પેટલાદમાં ઐતિહાસિક ૧૦૦મી રથયાત્રા યોજાઇ

**૩૫ ભજન મંડળીઓ અને અખાડાઓના આકર્ષણ વચ્ચે હજારો ભક્તો ભાવવિભોર**



તસવીર: વિનાયક આણંદજીવાલા



(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૬

પેટલાદના પૌરાણિક રણછોડજી મંદિરમાંથી ગુરૂવાર બપોરે બે કલાકે ૧૦૦મી રથયાત્રાનું ભવ્ય પ્રસ્થાન થયું હતું. 'પેટલાદમાં કોણ છે, રાજા રણછોડ છે'ના જયઘોષ સાથે મંદિરના મહંત, રાજ્યકક્ષાના મંત્રી, સાંસદ, કલેક્ટર, રેન્જ આઇજી, એસપી વગેરે મહાનુભાવોએ રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં રથમાં બિરાજમાન ભગવાન કૃષ્ણ,બલરામ, સુભદ્રા અને લાલજીએ નગરચર્યા કરી ભક્તજનોને ઘર આંગણે દર્શન કરાવ્યા હતા.

પેટલાદમાં સવારથી જ ભક્તિ, શ્રદ્ધા અને ઉલ્લાસનો અદ્ભુત માહોલ જોવા મળ્યો હતો. અતિ પૌરાણિક અને ઐતિહાસિક રણછોડજી મંદિરથી ભગવાન શ્રી જગન્નાથજીની 100મી રથયાત્રાનો પરંપરાગત પ્રારંભ થયો હતો. આ શતાબ્દી ઉજવણી નિમિત્તે ૨ રથયાત્રાનું પ્રસ્થાન રણછોડજી મંદિરના મહંત વાસુદેવ વદાસ મહારાજ રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલના હસ્તે પહિંદ વિધિ કરીને કરવામાં આવ્યું હતું. જેમાં આણંદના સાંસદ મિતેશભાઈ પટેલ, કલેક્ટર પ્રવીણ ચૌધરી, રેન્જ આઈજી રાઘવેન્દ્ર વત્સ, જિલ્લા પોલીસ અધિક્ષક જી. જી. જસાણી, પેટલાદના ઈન્ચાર્જ પ્રાંત અધિકારી અમિત પટેલ, મામલતદાર વગેરે જોડાયા હતા.

આ રથયાત્રામાં 35 જેટલી ભજન મંડળીઓ જોડાઈ હતી. આ ઉપરાંત આદિવાસી નૃત્ય અને અખાડાએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. આ સાથે અઘોરી બાબા અને વિવિધ વેશભૂષા જોઈ લોકો આકર્ષિત થયા હતા. આ ભવ્ય રથયાત્રામાં ડીજે તથા ભજન મંડળીના સૂર અને ભગવાન જગન્નાથના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. રથયાત્રા નિયત રૂટ મુજબ નગરચર્યા કરી સાંજે સાત કલાકે નિજ મંદિર પહોંચતા શાંતિમય માહોલમાં સંપન્ન થઈ હતી. આ રથયાત્રામાં પેટલાદ નગરપાલિકાના પ્રમુખ કોકીલાબેન તળપદા, કારોબારી ચેરમેન જય પટેલ, શાળા કમિટી ચેરમેન ભાવિન (ભયલુ) પટેલ, પાલિકા કાઉન્સિલરો, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ પ્રદીપભાઈ પટેલ, શહેર ભાજપ પ્રમુખ ધર્મેન્દ્ર (બુધાભાઈ) પટેલ, રથયાત્રા કમિટીના હેમંત પંડ્યા, ધવન કા.પટેલ, જલ્પ ભોઈ, શહેર - ગ્રામ્યના ભક્તો વગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા.

## વડતાલધામમાં રથયાત્રા ઉત્સવની ભવ્ય ઉજવણી: ઠાકોરજી સોના-ચાંદીના રથમાં બિરાજ્યા



સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થધામ વડતાલધામ ખાતે રથયાત્રા પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. નિજ મંદિરના ઘુમ્મટમાં ઠાકોરજીને સોના-ચાંદીના રથમાં બિરાજમાન કરી વિશેષ પૂજન અને આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાનગરના સોની પરિવાર દ્વારા યજમાનપદે વિવિધ ધાર્મિક વિધિઓ સંપન્ન થઈ હતી. મંદિરના ચેરમેન ડો. સંત વલ્લભદાસજી સ્વામીએ આ અવસરે જણાવ્યું હતું કે, 225 વર્ષ પહેલા આજના દિવસે ભગવાન સ્વામિનારાયણે નીલકંઠ વર્ણી સ્વરૂપે જગન્નાથપુરીમાં રથયાત્રા કરી હતી. રથયાત્રાના દર્શન બાદ હજારો ભક્તોને પરંપરાગત જાંબુ, કેરી, કાકડી અને મગ-ચણાનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. સમગ્ર ઉત્સવનું સંચાલન કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામી તથા મંદિરના ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# ડાકોરના માથાભારે શખસે યુવકને મારી નાખવાની ધમકી આપી

(પ્રતિનિધિ) ડાકોર તા.૧૬

ખેડા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ફરજ બજાવતા પત્રકારને તેમના નૈતિક કાર્ય બદલ જાનથી મારી નાખવાની ધમકી મળતા ચકચાર મચી ગઈ છે. ઠાસરા તાલુકામાં પત્રકાર તરીકે વ્યવસાય કરતાં ચિરંજીવ સેવકે ગત 25મીના રોજ ડાકોરમાં ચાલતા પાર્કિંગ અંગે એક અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો. આ અહેવાલથી ઉશ્કેરાઈને પાર્કિંગ ચાલક અને તેના મળતિયાઓએ પત્રકાર સાથે ટેલિફોન પર અત્યંત અસભ્ય વર્તન કરી, 'મારા પાર્કિંગનું છાપીશ તો તને મારી નાખીશ.' તેવી ધમકીઓ આપી હતી.

આ મામલે ચિરંજીવ સેવકે પાર્કિંગ સંચાલક મયંક ગૌસ્વામી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ ઉપરાંત, ન્યાયની માંગ સાથે રાજ્યના ડીજીપી અને એસપી કચેરીએ રૂબરૂ અરજી પણ આપવામાં આવી છે. પત્રકારોને પોતાનું કામ કરતા રોકવા અને ખોટી બીક બતાવનારા આવા તત્વો સામે પોલીસ કેવા પગલાં લે છે તે જોવું રહ્યું.

આ અંગે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ડાકોરમાં સરકારી પાર્કિંગની પાછળના વિસ્તારમાં ચાલતા ખાનગી પાર્કિંગના જોરે કેટલાક તત્વો ફૂલ્યા-ફાળ્યા છે અને કાયદો-વ્યવસ્થા હાથમાં લઈ રહ્યા છે. યાત્રાધામ હોવા છતાં રાત્રિ દરમિયાન પાન-મસાલાના ગલ્લાઓ પર મોડી રાત સુધી અસામાજિક તત્વોનો જમાવડો જોવા મળે છે, જે અંગે પોલીસ પ્રશાસન દ્વારા કડક દેખરેખ રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે.

**ગુતાલના સીમમાં ઘરે જઈ ડ્રોપ-આઉટ દીકરીઓને પુનઃ શાળાએ તેડાવ્યા**

# દીકરીની સુરક્ષાની જવાબદારી અમારી છે, તેને શાળાએ મોકલો

**કોઈ પણ** બાળક શિક્ષણના હકથી વંચિત ન રહે તે માટે શિક્ષક મંત્રી રિવાબા જાડેજાએ અધિકારીને તાકીદ કરી



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૬

રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાએ ખેડા જિલ્લાની શૈક્ષણિક કાર્યપ્રણાલીનું પ્રત્યક્ષ મૂલ્યાંકન કરવા માટે ઝંઝાવાતી પ્રવાસ ખેડ્યો હતો. આ મુલાકાત માત્ર શાળાઓના નિરીક્ષણ પૂરતી મર્યાદિત ન રહેતા, મંત્રીએ ગુતાલના સીમ વિસ્તારમાં રહેતી ડ્રોપ-આઉટ વિદ્યાર્થીનીઓના ઘરે રૂબરૂ જઈ, તેમને અને તેમના વાલીઓને શિક્ષણનું મહત્વ સમજાવી કન્યાઓને પુનઃ પ્રવેશ અપાવવાની ખાતરી મેળવી હતી.

નડિયાદના ગુતાલ ગામના સીમ વિસ્તારના રહેવાસી હેતલ તળપદા અને તુલસી તળપદા નામની દીકરીઓના ઘરે જઈ રિવાબા જાડેજાએ આત્મીય સંવાદ સાધ્યો હતો. વાલીઓની મુંઝવણો સાંભળી અને દીકરીઓના શિક્ષણ માટે પરિવહન અને સુરક્ષાનો ભરોસો આપ્યો હતો. આ સાથે તેઓએ સ્થળ પર જ અધિકારીઓને આ દીકરીઓ માટે વિશેષ પરિવહન વ્યવસ્થા ઊભી કરવા સૂચના આપી હતી. તેમણે 'નમો લક્ષ્મી' અને 'સરસ્વતી સાધના સહાય' જેવી યોજનાઓનો લાભ ત્વરિત અપાવવા પણ આદેશ કર્યા હતા.

આ મુલાકાત દરમિયાન સાંસદ દેવુસિંહ ચૌહાણ, ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ, કલ્પેશભાઈ પરમાર સહિતના મહાનુભાવો અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુતાલ ખાતે આવેલી સરકારી માધ્યમિક શાળાના આચાર્ય જતીન સુથારે સૌને આવકાર્યા હતા અને શાળાના શિક્ષક પારસભાઈ દવે દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

### ગુજરાતની શિક્ષણ નીતિના સીમાચિહ્નો



રિવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં માત્ર ગુજરાતમાં 'ટુ ટાઇમ એક્ઝામ પોલિસી' અમલમાં છે, જેથી વિદ્યાર્થીઓ પરિણામ સુધારવા ફરી પરીક્ષા આપી શકે છે. નવી શિક્ષણ નીતિ હેઠળ હવે વિદ્યાર્થીઓ એકસાથે અનેક પ્રવાહના વિષયો ભણી શકશે. તેમણે ઉમેર્યું કે સફળતા માટે કોઈ ઉંમર બાધ્ય હોતી નથી, માત્ર દ્રઢ મનોબળની જરૂર છે.

### મંત્રીએ આપેલા મહત્વના સૂચનો

- **જિલ્લાનું** એક પણ બાળક શિક્ષણના હકથી વંચિત ન રહેવું જોઈએ.
- **ડ્રોપ-આઉટ** રેશિયો ઘટાડવા માટે ટ્રેસ ન થયેલા બાળકોની ખાસ ઓળખ કરવી.
- **સામાજિક બંધનો** અને રૂઢિચુસ્તતા સામે લડી વાલીઓમાં જાગૃતિ લાવવી.
- **વિદ્યાર્થીઓને** વોકેશનલ કોર્સિસ અને સ્કીલ બેસ્ડ લર્નિંગ પર ભાર મૂકવા અનુરોધ.

### દ્વારકા-શિવરાજપુર પ્રવાસનું આમંત્રણ

ગુતાલ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના પ્રશ્નો અને તેમની જિજ્ઞાસાથી પ્રભાવિત થઈને મંત્રીએ તેમને દ્વારકા અને શિવરાજપુરના પ્રવાસ માટે આમંત્રણ પાઠવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને 'મોટી બહેન' તરીકે કારકિર્દી અને સ્પોર્ટ્સ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજ તાલુકાની દંતાલી દૂધ મંડળીમાં ચેરમેન અને વાઇસ ચેરમેનની વરણી કરાઇ



**કપડવંજ** | કપડવંજ તાલુકાની દંતાલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં વર્ષ ૨૦૨૬-૨૭ માટે નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી છે. જેમાં ચંદ્રિકાબેન પ્રવીણભાઈ વણકરની ચેરમેન તરીકે અને શૈલેષભાઈ ચંદુભાઈ પરમારની વાઇસ ચેરમેન તરીકે વરણી થઈ છે. આ નિમણૂકને પગલે મંડળીના સભાસદો અને ગ્રામજનોમાં ભારે ઉત્સાહ અને ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. નવનિયુક્ત હોદ્દેદારોને ગ્રામજનો અને મંડળીના સભાસદો દ્વારા ઉષ્માભરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### કપડવંજની જીવનશિલ્પ પ્રાયમરી સ્કૂલમાં વૃક્ષારોપણ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયુ



**કપડવંજ** | જીવનશિલ્પ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત શાળામાં 'વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો' વિષય હેઠળ વૃક્ષારોપણ અને નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. આ કાર્યક્રમમાં ડાયરેક્ટર સિધ્ધાર્થ પટેલ, ટ્રસ્ટીગણ અને ધોરણ ૫ થી ૮ ના ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. વિદ્યાર્થીઓએ પર્યાવરણને પ્રદૂષણ મુક્ત રાખવા માટે પોતે વાવેલા વૃક્ષોનું જતન કરી તેને ઉછેરવાની ખાસ નેમ લીધી હતી. શાળાના તમામ સ્ટાફ અને બાળકોના સહયોગથી વૃક્ષારોપણના આ સેવાકીય કાર્યક્રમને ખૂબ જ સફળતા મળી હતી.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com


### કપડવંજની ભગિની સેવા સમાજ દ્વારા 'આનંદ ઘર' સમર કેમ્પનો રંગેચંગે સમાપન થયો



**કપડવંજ** | કપડવંજની પ્રતિષ્ઠિત મહિલા સંસ્થા ભગિની સેવા સમાજ દ્વારા નાના બાળકો માટે નિ:શુલ્ક 'આનંદ ઘર' સમર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પના સમાપન પ્રસંગે નગરપાલિકા પ્રમુખ સેજલબેન પટેલ અને ઉપપ્રમુખ સ્નેહાબેન ઓઝાની ઉપસ્થિતિમાં બાળકો માટે ઇનામ વિતરણ સમારોહ યોજાયો હતો. સંસ્થાના પ્રમુખ નીલાબેન પંડ્યાએ વાલીઓના સહકારની સરાહના કરી હતી અને ૨૯ લાભાર્થી બાળકોને મહાનુભાવોના હસ્તે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. મંત્રી નયનાબેન શાહના સફળ સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં આર્થિક સહયોગ આપનાર દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વાસદ ટોલ પ્લાઝાના કર્મચારીએ રૂ. ૧૫ હજાર ભરેલું પર્સ મૂળ માલિકને પરત કર્યું

**આણંદ** | અમદાવાદ-વડોદરા નેશનલ હાઇવે પર વાસદ ટોલ પ્લાઝાના જાગૃત કર્મચારીઓને ૧૫,૦૦૦ની રોકડ અને દસ્તાવેજો સાથેનું એક ખોવાયેલું પર્સ મળી આવ્યું હતું. ટોલ પ્લાઝાના જનરલ મેનેજર રાકેશભાઈ અને કર્મચારી કૈલાશભાઈએ પર્સ સુરક્ષિત રાખીને તેમાં રહેલા દસ્તાવેજોની મદદથી તાત્કાલિક મૂળ માલિકનો સંપર્ક સાધ્યો હતો. ત્રણ દિવસ પછી માલિકના આવ્યા બાદ તમામ રોકડ અને અગત્યના કાગળો સહી-સલામત રીતે સોંપતા કર્મચારીઓએ પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. પોતાની અમાનત અકબંધ પરત મેળવતા મુસાફરે આભાર વ્યક્ત કર્યો હતો.



### આણંદમાં ૧૦૦ દીકરીઓને ગર્ભાશયના કેન્સર વિરોધી રસીનો પ્રથમ ડોઝ અપાયો



**આણંદ** | આણંદના ડો. શૈલેષ શાહની હોસ્પિટલમાં સંજીવની ટ્રસ્ટ અને અન્ય સંસ્થાઓના સહયોગથી ડી.એન. હાઈસ્કૂલની ૧૦૦ વિદ્યાર્થિનીઓને નિ:શુલ્ક રસી અપાઈ હતી. અતુલભાઈ અને હર્ષાબહેન પટેલ દ્વારા ૫૦ દીકરીઓને દત્તક લઈ રસીકરણનો ખર્ચ ઉઠાવી માનવતાવાદી અભિગમ દાખવવામાં આવ્યો હતો. WHO મુજબ ૯૬ ટકા રક્ષણ આપતી આ રસી વિશે જાગૃતિ ફેલાવવા માટે આ ત્રણેય ટ્રસ્ટો દ્વારા આ સતત છઠ્ઠો કેમ્પ યોજાયો હતો. પ્રથમ ડોઝ બાદ હવે છ મહિના પછી બીજો ડોઝ અપાશે અને આગામી વર્ષે ૫૦૦ દીકરીઓને આવરી લેવાનું લક્ષ્ય નિર્ધારિત કરાયું છે.

### મહેમદાવાદના સણસોલી-નેનપુર ખાતે ૧૦૦ જેટલા ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઇ

**મહેમદાવાદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા નેનપુર ખાતે એક દિવસીય તાલીમનું સફળ આયોજન થયું હતું. જેમાં મહેમદાવાદ તાલુકાના વિવિધ ગામોના ૧૦૦ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીના ફાયદા અને પંચસ્તરીય મોડેલ વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવી હતી. કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા જમીનનું સ્વાસ્થ્ય જાળવવા, સુધારેલી જાતો અને રાસાયણિક ખાતરોની આડ અસરો અંગે માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને ઝેરમુક્ત ખેતી તરફ વાળવા ભલામણ કરાઇ હતી.



### એનએસ પટેલ આટ્ર્સ કોલેજ (ઓટોનોમસ) ખાતે ૯મી એકેડેમિક કાઉન્સિલની બેઠક સંપન્ન

**આણંદ** | આણંદ સ્થિત એન. એસ. પટેલ આટ્ર્સ કોલેજમાં NEP-2020ના અમલીકરણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા હતા. આ બેઠકમાં પ્રિન્સિપાલ પ્રો. પ્રશાંત પટેલની એકેડેમિક કાઉન્સિલના ચેરપર્સન તરીકે વરણી કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન નિવૃત્ત સભ્યોને વિદાય આપી નવા સભ્યોની નિમણૂક સાથે વિવિધ વિભાગીય વડાઓ દ્વારા શૈક્ષણિક ચર્ચાઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે એસ.પી. યુનિવર્સિટીના નોમિનેટેડ સભ્યો, સેક્રેટરી ડો. આશવ પટેલ અને કોલેજનો શૈક્ષણિક સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.



### આણંદના બાકરોલની સરદાર પટેલ કોલેજ ખાતે ઇન્ટર-ક્લાસ ચેસ ટુર્નામેન્ટ યોજાઇ



**આણંદ** | બાકરોલ સ્થિત સરદાર પટેલ કોલેજ ઓફ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટમાં વિદ્યાર્થીઓની ઇન્ટર-ક્લાસ ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. આ રસાકસીભરી સ્પર્ધામાં હર્ષિત રાકેશકુમાર ગુપ્તા વિજેતા, સાહિદશા દીવાન રનર્સ-અપ અને શ્વેત નિલેશભાઈ રાવલ તૃતીય સ્થાને રહ્યા હતા. કોલેજના આચાર્ય ડો. સુયોગ ઉપાસની અને સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર દિશા રાઠોડના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. આ સફળ આયોજન બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટી મંડળ દ્વારા વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ પ્રાથમિક શાળામાં સુગમ સંગીત સ્પર્ધા યોજાઇ



**આણંદ** | સ. વ. પટેલ પ્રાથમિક શાળા ખાતે સુગમ સંગીત સ્પર્ધા યોજાઇ, જેમાં નવ વિદ્યાર્થીઓએ સૂર-તાલના સુમેળ સાથે સુંદર પ્રસ્તુતિ આપી હતી. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે એકેડમી વિભાગના ધ્રુવલભાઈ રાઠોડ અને દિનેશચંદ્રએ સેવાઓ આપી સ્પર્ધકોનું ઉચિત મૂલ્યાંકન કર્યું હતું. આ સ્પર્ધામાં પરમાર દિવ્યાંશીએ પ્રથમ અને મકવાણા રુદ્રાક્ષએ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું, જ્યારે દિવ્યાંશુ યોગી અને કૃશ વાઘેલાએ પણ ઇનામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ સિદ્ધિ બદલ ચરોતર એજ્યુકેશન સોસાયટી પરિવાર અને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### નડિયાદમાં ઇન્ટેલીસ્માર્ટનું સેન્ટર ઓફ એક્સેલન્સ શરૂ, સ્માર્ટ મીટરિંગ માટે તૈયાર થશે કુશળ માનવબળ

**વડોદરા** | ઇન્ટેલી સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરે મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડના પ્રોજેક્ટ હેઠળ નડિયાદમાં તેના પાંચમા સેન્ટર ઓફ એક્સેલન્સનો પ્રારંભ કર્યો છે. મધ્ય ગુજરાત વીજ કંપનીના ચીફ એન્જિનિયર આર.જી. નગરીયા દ્વારા ખુલ્લા મુકાયેલા આ કેન્દ્રમાં સ્માર્ટ મીટરિંગ અને નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રની નિ:શુલ્ક પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. આઈટીઆઈ, ડિપ્લોમા કે બીટેક લાયકાત ધરાવતા ૧૮ વર્ષથી વધુ ઉંમરના ઉમેદવારો આ તાલીમમાં ભાગ લઈ શકશે. તાલીમ પૂર્ણ કરનાર ઉમેદવારોને પ્રમાણપત્ર સાથે સ્માર્ટ મીટર પ્રોજેક્ટ્સમાં રોજગારીની નવી તકો પણ પ્રાપ્ત થશે.



### બાકોરની કે. એમ. દોશી હાઈસ્કૂલ ખાતે શાળા પંચાયતની ચૂંટણી યોજાઇ



**ખાનપુર** | બાકોર પાંડરવાડાની કે. એમ. દોશી હાઈસ્કૂલ ખાતે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે લોકશાહીના પર્વ સમાન શાળા પંચાયતની ચૂંટણી ઉત્સાહભેર સંપન્ન થઈ હતી. આ ચૂંટણીમાં કમિશા ખાંટ પ્રમુખ અને પ્રથમ દરજી ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારો બિનહરીફ ચૂંટાયા હતા. ચૂંટણી અધિકારી પ્રવીણ પંચાલે વિદ્યાર્થીઓને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવી શાળાના સર્વાંગી વિકાસમાં જોડાવા આહવાન કર્યું હતું. આ શાળાના આચાર્ય અને શિક્ષકોએ નવનિયુક્ત હોદ્દેદારોને આશીર્વાદ આપી અભિનંદન પાઠવ્યા હતા.